ગુજરાતમિત્ર
મંગળવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૫

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસ

આશરે 3 હજારથી વધુ વસતી ધરાવતા ઉપસળ ગામમાં 11.11 ટકા જેટલી આદિવાસી વસતી વસે છે, ગામમાં મુખ્યત્વે ધોડિયા અને કુકણા આદિવાસી સમાજના લોકોનો વસવાટ




ટાઉન ટોક

પ્રકૃતિના ખોળે વસેલું વાંસદા તાલુકાનું ખોબા જેવડું ગામ એટલે

ઉપસળ

વાંસદા તાલુકામાં વાંસદાથી ચીખલી જતા રાજ્ય ધોરી માર્ગ પર મોટીવાલઝર ગામથી દક્ષિણ દિશામાં પ્રકૃતિના ખોળે વસેલું નાનકડું ગામ એટલે ઉપસળ. સન ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ આશરે 3 હજારથી વધુ વસતી ધરાવતા આ ગામમાં 99.99 ટકા જેટલી આદિવાસી વસતી વસે છે. ગામમાં મુખ્યત્વે ધોડિયા અને કુકણા આદિવાસી સમાજના લોકો રહે છે. ઉપસળમાં ધોડિયા અને કુકણા સમાજની પોતાની આગવી લોકબોલી છે, જે ગુજરાતી ભાષાથી અલગ ઓળખ ધરાવે છે. ગામની લોકબોલીમાં પરંપરાગત ગીતો ગવાય છે, તો અનેક લોકકથાઓ પણ પેઢી દર પેઢી સાંભળવા મળે છે. આ રીતે ગામની ભાષા અને લોકસંસ્કૃતિ આજે પણ પોતાની આગવી ઓળખ જાળવી રહી છે. સહ્યાદ્રી પર્વતમાળાની વાંસદા-ધરમપુરની ટેકરીઓના ખોળામાં વસેલું ઉપસળ ચારે તરફથી ડુંગરોથી ઘેરાયેલું છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં અહીંની પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. લીલાછમ ડુંગરો, ખેતરો અને વરસાદી ઝરણાં ગામની સુંદરતામાં વધારો કરે છે. ગામમાં પ્રાથમિક શાળા, દૂધની ડેરી, પંચાયત ઘર અને આયુર્વેદિક દવાખાનાં જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી અને પશુપાલન છે. અહીં ડાંગર, શેરડી, કેરી તેમજ વિવિધ પ્રકારના શાકભાજીની ખેતી કરવામાં આવે છે. આદિવાસી પરંપરાઓથી સમૃદ્ધ ઉપસળ ગામમાં આજે પણ અનેક લોકપરંપરાઓ અને ધાર્મિક વિધિઓ જીવંત છે. કન્સેરી માતાની પરંપરાગત પૂજા, માવલી, બારહી, દિવાસાના દિવસે ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન તેમજ રાત ઉજાણી જેવા વિવિધ પ્રસંગો પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. ગામના લોકો સનાતન હિન્દુ ધર્મના હનુમાનજી દાદા ઉપરાંત લોકદેવતાઓ તરીકે કન્સેરી માતા, માવલી માતા, ઘોસમાય માડી, ઝોળી માતા, ગોળીગઢ દેવ, ભવાની માતા, ચોસઠ જોગણી માતા અને બગલા દેવ સહિતના દેવ-દેવીઓ પ્રત્યે ઊંડી આસ્થા ધરાવે છે. સમયની સાથે ગામમાં શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે. ગામની 50 ટકાથી વધુ વસતી શિક્ષિત બની છે. ગામના અનેક યુવાનો શિક્ષણ મેળવી શિક્ષક સહિત વિવિધ ક્ષેત્રોમાં આગળ વધ્યા છે. એટલું જ નહીં, ગામના કેટલાક લોકો સરકારી વિભાગોમાં વર્ગ-1 અને વર્ગ-2ની મહત્ત્વની જવાબદારીઓ પણ નિભાવી રહ્યા છે. આ રીતે પ્રકૃતિની અદભૂત સુંદરતા, આદિવાસી લોકબોલી, લોકસંસ્કૃતિ, પરંપરા અને આધુનિક શિક્ષણનો સમન્વય ધરાવતું ઉપસળ ગામ વાંસદા તાલુકાની આગવી ઓળખ બની રહ્યું છે.



વર્ષોથી ઊભી રહેલી લાઈબ્રેરીની માંગ પૂરી થઈ

સરકાર દ્વારા ગામેગામ વિદ્યાર્થીઓ અને યુવાનોના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને વિવિધ શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે, ત્યારે ઉપસળ ગામમાં વર્ષોથી લાઈબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ હતી. ગામમાં લાઈબ્રેરીનો અભાવ હોવાથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને અન્ય ગામોમાં અથવા વાંસદા સુધી જઈને અભ્યાસ કરવાની ફરજ પડતી હતી. ગામના યુવાનોને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય વાતાવરણ મળી રહે તેમજ ગામમાં જ શાંતિપૂર્ણ માહોલમાં અભ્યાસ કરી શકે તે હેતુથી લાંબા સમયથી લાઈબ્રેરીની માંગ કરવામાં આવી રહી હતી. આ માંગને ધ્યાનમાં લઈને ગામના સરપંચ તથા વહીવટી તંત્રના પ્રયાસોથી ગામમાં સુંદર લાઈબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. લાઈબ્રેરી શરૂ થતાં ઉપસળ ગામ સહિત આસપાસના વિદ્યાર્થીઓને પણ હવે ગામમાં જ અભ્યાસ કરવાની સુવિધા મળી છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આ સુવિધા ઉપયોગી સાબિત થઈ રહી છે. વિદ્યાર્થીઓએ પણ લાઈબ્રેરી શરૂ થવા બદલ સંતોષ વ્યક્ત કર્યો છે. જોકે, વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ લાઈબ્રેરીમાં હજુ કેટલાક જરૂરી પુસ્તકો અને સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી અભ્યાસ સામગ્રીની જરૂરિયાત છે. જો આ પુસ્તકો અને જરૂરી સામગ્રી પણ ઉપલબ્ધ કરવામાં આવે તો લાઈબ્રેરીનો વધુમાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળી શકે અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે આ સુવિધા વધુ ઉપયોગી બની શકે તેમ છે. ઉપસળ ગામની લાઇબ્રેરીના નિર્માણ માટે સરકાર દ્વારા ગ્રાન્ટ પણ ફાળવી દેવામાં આવી છે, છતાં ગામમાં લાઇબ્રેરીના બાંધકામ માટેની જગ્યાના અભાવે હાલ ઉસળ ગ્રામ પંચાયતના મકાન ખાતે જ ગામની લાઇબ્રેરી ચલાવવામાં આવી રહી છે. લાઇબ્રેરીમાં અભ્યાસ માટે આવતા યુવાનો અને વિદ્યાર્થીઓને જો ભીડભાળવાળી જગ્યાથી દૂર શાંત વાતાવરણમાં લાઇબ્રેરીનું નિર્માણ કરી અભ્યાસ માટે પૂરું પાડવામાં આવે તો વિદ્યાર્થીઓને વધુ લાભ મળી રહે તેમ છે.

આંગણવાડીઓમાં ભૂલકાંનો કિલ્લોલ ગૂંજે છે

ઉપસળ ગામમાં પ્રિ.શાળા ભણતર માટે આંગણવાડીઓ પણ આવેલી છે, જ્યાં સરકાર તરફથી બાળકોની સારી એવી સંભાળ સાથે પ્રિ-સ્કૂલ ભણતર આપવામાં આવે છે, ઉપસળ ગ્રામ પંચાયત પાસે આવેલી આંગણવાડી છેલ્લા કેટલાક સમયથી જર્જરિત અવસ્થામાં જોવા મળી રહી છે. જેને લઇ આંગણવાડીની દીવાલ પર સર્જરી ઇમારત દર્શાવતું બેનર લગાડી બાજુમાં આવેલી પ્રાથમિક શાળામાં આંગણવાડીનાં બાળકોને અભ્યાસ પૂરો પાડવામાં આવી રહ્યો છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા આ આંગણવાડી તોડી પાડી ફરીથી નવી આંગણવાડીનું નિર્માણ કરવામાં આવે એ ખૂબ જ જરૂરી બન્યું છે.



સ્મશાનભૂમિનું કામ હજુ અધૂરું

ઉપસળ ગામમાં વર્ષોથી સ્મશાનભૂમિની સુવિધાના અભાવે ગ્રામજનોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આઝાદીનાં વર્ષો બાદ પણ ગામમાં અંતિમસંસ્કાર માટે યોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ગ્રામજનો દ્વારા સ્મશાનભૂમિ બનાવવાની માંગ કરવામાં આવી હતી. ત્યારે સ્થાનિક ધારાસભ્ય અનંતભાઇ પટેલ દ્વારા ગામની મુલાકાત દરમિયાન ગ્રામજનો દ્વારા સ્મશાનભૂમિની રજૂઆત કરવામાં આવતાં ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને ત્યારબાદ સ્મશાનભૂમિ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, લાંબો સમય વીતી જવા છતાં સ્મશાનભૂમિનું કામ હજુ પણ અધૂરું જોવા મળી રહ્યું છે. ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કામગીરી પૂર્ણ ન થતાં લોકોમાં નિરાશા જોવા મળી રહી છે. ગામમાં કોઈનું અવસાન થાય ત્યારે અંતિમસંસ્કાર માટે નદી કિનારે ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવો પડે છે અથવા મૃતદેહને અનાવલ કે વાંસદા જેવા અન્ય સ્થળોએ લઈ જવાની ફરજ પડે છે. જેના કારણે મૃતકના પરિવારજનોને અંતિમસંસ્કાર સમયે વધારાનો સમય, મુસાફરી અને આર્થિક ખર્ચનો સામનો કરવો પડે છે. ખાસ કરીને આર્થિક રીતે નબળા પરિવારો માટે અન્ય ગામે મૃતદેહ લઈ જઈ અંતિમસંસ્કાર કરવાની સ્થિતિ વધુ મુશ્કેલીજનક બની રહે છે. તેથી ઉપસળ ગામની સ્મશાનભૂમિનું બાકી રહેલું કામ વહેલી તકે પૂર્ણ કરી ગ્રામજનોને યોગ્ય અંતિમસંસ્કારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ ઊઠી છે.

